# માધ્ય.અને ઉચ્ચ.માધ્યમિક શાળાના ફિક્સ પગારના સહાયકોને મળવાપાત્ર વિવિધ રજાઓ


**સંકલન અને માર્ગદર્શન: શ્રી આર.પી.મેરજા**

પુર્વ આચાર્ય, વહિવટીય માર્ગદર્શક, KRP, RP, MT


---

**બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સીધી ભરતીથી નિમણૂક પામેલ શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો કે સાથી સહાયકોને મળવાપાત્ર વિવિધ રજાઓ બાબતે માર્ગદર્શન.**

**વંચાણે લીધેલા મુખ્ય સંદર્ભપત્રો:**

(૧) નિયામકશ્રી શાળાઓની કચેરીના પત્રાંક: COS/0069/12/2025/ તા.18-12-2025
( શિ.વિ.ના ઠરાવ તા: 14-11-2025 નો શાળાઓમા અમલ કરવા બાબત)

(૨) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: ED/MIS/e file/3/2025/5680/G, તા.14 -11-2025
(ના.વિ.ના ઠરાવ તા: 06-01-2024 ની સેવાની શરતોની જોગવાઇ અનુ.શાળાઓમા લાગુપાડવા બાબત )

(3 ) નાણા વિભાગ ઠરાવક્રમાંક: FD/ZUD/e file/4/2023/3483/Z1, તા.06 -01-2024
( ફિક્સ પગારના કર્મચારીઓની સેવાની શરતોમા સુધારા કરવા બાબત)

(૪) કમિશનર ઓફ સ્કુલ ના પરીપત્ર ક્રમાંક: અનદ/ઘ/માધ્ય/૨૦૧૭/૮૩૩૩-૬૮/તા: ૧૧-૦૫-૨૦૧૭
( શિ.વિ.ના ઠરાવ તા: ૨૬-૦૯-૨૦૧૬ નો અમલ અનુ. શાળાઓમા કરવા બાબત)

(૫) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: બમશ/૧૧૧૫/૨૨/ગ/તા: ૨૬-૦૯-૨૦૧૬
(ના.વિ.ના ઠરાવ તા: ૨૦-૧૦-૨૦૧૫ની સેવાની શરતોની જોગવાઇ અનુ.શાળાઓમા લાગુ પાડવા બાબત )

---

**અગત્યની નોંધ:**

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સીધી ભરતીથી નિમણૂક પામેલા ફિક્સ પગારના કર્મચારીઓ માટે નિયામકશ્રી શાળાઓની કચેરીના પત્રાંક: COS/0069/12/2025/ તા.18-12-2025 વાળા પરિપત્રથી રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: ED/MIS/e file/3/2025/5680/G, તા.14 -11-2025 અન્વયે નાણા વિભાગ ઠરાવક્રમાંક: FD /ZUD/e file/4/2023/3483/Z1 તા.06 -01-2024 ના સુધારા ઠરાવનો અમલ કરવા જણાવાયું છે.

શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૪-૧૧-૨૦૨૫ થી મળેલ મંજૂરી મુજબ નાણાં વિભાગના ઠરાવ તા. ૦૬-૦૧-૨૦૨૪ ની તમામ જોગવાઈઓ લાગુ પાડવામાં આવી છે તથા આ ઠરાવમાં ફિક્સ પગારના વર્ગ ૩ અને ૪ ના કર્મચારીઓની નિમણૂકની બોલીઓ અને શરતોના નાણા વિભાગના થયેલા વિવિધ ઠરાવો તારીખ: 16-02- 2006, તારીખ: 20-10-2015, તારીખ: 28-3-2016 અને તારીખ: 12- 7 -2016 વાળા ઠરાવો અને તેમાં સમયાંતરે થયેલા સુધારાઓ આપોઆપ લાગુ પડે છે.

**ફક્ત બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સીધી ભરતીથી નિમણૂક પામેલા શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને મળવાપાત્ર વિવિધ રજાઓ ની જોગવાઇઓ નીચે મુજબ છે.**

---

## ૧) પરચુરણ રજા:

(૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૩/ ઝ-૧, તા.૨૮/૦૩/૨૦૧૬ મુજબ ફિક્સપગારના કર્મચારીઓની બોલીઓ અને શરતોના સુધારેલ પત્રક -૧ ની શરત નં. ૪(અ) મુજબ

(૨) ગુ.મા.શિ.ના વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ નં.૩૦ રજા ના નિયમો મુજબ

**1.** વાર્ષિક 12 રજા મળવાપાત્ર છે.

(સ્પષ્ટતા: ગ્રાન્ટેડ શાળાના નિયમિત કર્મચારીઓને 15 દિવસની પરચુરણ રજા મળે છે પરંતુ ફિક્સ પગારના સહાયકોને ઉપરોક્ત ના.વિ.ના ઠરાવ મુજબ ૧૨ દિવસની પરચુરણ રજા મળવાપાત્ર છે .)

ક્રમશ..બીજા પાને...

2. નવી નિમણૂક વખતે સમયના ભાગ પ્રમાણે દિવસોની ગણતરી કરી એટલી રજા મળે.
3. આવી રજા ક્યારથી ગણવી તેની સ્પષ્ટતા નથી, પણ એક સુત્રતા માટે ગ્રાન્ટેડ શાળાના નિયમિત કર્મચારીઓને મળતી પરચુરણ રજા મુજબ શૈક્ષણિક વર્ષ પ્રમાણે ગણીને વાર્ષિક મહતમ 12 રજા મળવાપાત્ર છે.
4. સહાયકોને આકસ્મિક સંજોગોમાં પરચુરણ રજાના નિયમ મુજબ જ આવી રજા આપી શકાય.
5. આવી રજા શાળાના આચાર્ય મંજૂર કરી શકે છે.
6. વધેલી આવી રજા વર્ષના અંતે કેરી ફોર્વર્ડ થઈ શકે નહીં

---

## ૨) ખાસ રજા:

(૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૩/ ઝ-૧, તા.૨૮/૦૩/૨૦૧૬ મુજબ ફિક્સપગારના કર્મચારીઓની બોલીઓ અને શરતોના સુધારેલ પત્રક -૧ ની શરત નં. ૪(બ) મુજબ
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MIS/e file/3/2022/2166/G, Letter no. Ed /0064/09/2023, તા.12 -09-2023 ના ઠરાવ મુજબ

---

1. વાર્ષિક ધોરણે 15 દિવસની ખાસ રજા મળવા પાત્ર છે.
2. દર વર્ષે જાન્યુઆરીમાં અગાઉથી જમા આપવાની રહેશે (શરતોના પત્રક -૧મા આવી સ્પષ્ટતા કરેલી છે.)
3. આવી રજા કેરી ફોરવર્ડ કરી શકાશે પરંતુ વધુમાં વધુ 30 દિવસની રજા જમા કરી શકાય.
4. એટલે કે ભોગવેલી આવી રજાઓ બાદ કરતા સેવાપોથી માં મહતમ 30 રજા જ જમા આપી શકાય.
5. નવી નિમણૂક વખતે સમયના ભાગ પ્રમાણે આવી રજાની ગણતરી કરીને જમા કરી શકાય.
6. ફિક્સ પગાર ની પાંચ વર્ષની નોકરી દરમિયાન જ આ રજા મળવા પાત્ર છે.
7. આકસ્મિક સંજોગોમાં કોઈપણ હેતુ માટે આ રજા વાપરી શકાશે.
8. બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો (વેકેશનલ કર્મચારી) ને આવી રજા મળવા પાત્ર નથી.
9. એટલે ગ્રાન્ટેડ માધ્ય. અને ઉચ્ચ માધ્ય. શાળાના વહીવટી સહાયકો અને સાથી સહાયકોને જ આ રજા મળવાપાત્ર છે.
10. નોન વેકેશનલ નિયમિત કર્મચારીઓને મળવાપાત્ર "પ્રાપ્ત રજા" ના નિયમો મુજબ આવી રજાઓ સક્ષમ અધિકારી મંજુર કરી શકાશે.

---

## ૩) માંદગીની રજા

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MIS/e file/3/2022/2166/G letter no. Ed /0064/09/2023, તા.12 -09-2023
(૨) હિ.તિ.નિયામકનાપત્રાંક:હિતિનિ/શાશન/બિરાપ-૩/જનરલ/૨૪૦૩/તા: ૨૩-૧૦-૨૦૨૦ ( પાંચ વર્ષ બાદ માંદગીની રજા કેરીફોર્વર્ડ માન્ય રાખવા પેન્શન ચુકવણા કચેરીને જાણ)
(૩) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ -૨/ ઝ -૧/ સચિવાલય તા. ૧૨/૦૭/૨૦૧૬
(૪) ગુ.મા.શિ.ના વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ નં.૩૦ રજા ના નિયમો મુજબ

---

1. વર્ષ દરમિયાન પુરા પગારની 10 દિવસની અથવા અડધા પગારની 20 દિવસની આ માંદગી સબબની રજા મળવા પાત્ર થશે.
2. આ રજાઓ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સહાયકોને શિક્ષણ વિભાગના ઠરાવ તારીખ: 12 -9 -2023 થી લાગુ પડે છે. ઉપરોક્ત કટ ઓફ ડેટ પહેલાના સહાયકોને આવી રજા મળવા પાત્ર નથી.
3. આ રજા પોતાની અથવા કુટુંબના સભ્યોની બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઇજાના સંજોગોમાં મેડિકલ પ્રમાણપત્ર (સિવિલ સર્જન) ના આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજા કપાત પગારથી ભોગવવાની રહેશે.

ક્રમશ...ત્રીજા પાને...

4. સબંધિત કચેરીના વડા (ડી. ઇ. ઓ.) આવી રજાઓ મંજૂર કરી શકશે.
5. આવી રજાઓ વાર્ષિક ધોરણે મળવાપાત્ર થશે અને એકઠી કરી શકાશે.
6. આવી એકઠી થયેલી રજાઓ પાંચ વર્ષ બાદ નિયમિત નિમણૂક વખતે આગળ કેરી ફોરવર્ડ કરી શકાશે.
7. આવી રજા કેવીરીતે જમા આપવી તેની સ્પષ્ટતા નથી, પણ એક સુત્રતા માટે ગ્રાન્ટેડ શાળાના નિયમિત કર્મચારીઓની જેમ આ રજા અગાઉથી દરવર્ષની પહેલી જાન્યુઆરીના ૧૦ દિવસની અર્ધપાગરી અને પહેલી જુલાઈના ૧૦ દિવસની અર્ધ પગારી રજાઓ સેવાપોથી માં જમા કરી શકાય. (વર્ષની કુલ ૨૦ અર્ધ પગારી રજા)
8. કર્મચારી જો આવી રજા અડધા પગારે ભોગવે તો "અર્ધપગારી રજા" કહેવાશે અને જેટલા દિવસની ભોગવે એટલા દિવસ રજાના હિસાબમાંથી બાદ થશે અને એટલા દિવસનો અડધો પગાર કાપી નિયત હેડથી ભરપાઈ કરવાનો રહેશે.
9. કર્મચારી જો આવી રજાઓ પૂરા પગારે ભોગવે તો તે "રૂપાંતરિત રજા" કહેવાશે આવી રજા ભોગવી હશે તો કોઈ પગાર કપાશે નહીં અને જેટલા દિવસની આવી રજા ભોગવી હોય તેના ડબલ દિવસ રજા ના હિસાબ માંથી બાદ કરવાના રહેશે.
10. આવી રજાઓ સેવાપોથીમાં જમા કરવા માટે ગુજરાત માધ્ય. શિક્ષણ વિનિયમોના રજાના વિનિયમ ન.30 માં આપેલ <u>સ્પષ્ટીકરણ મુજબ:</u>
    નવી નિમણૂક વખતે પ્રથમ છ માસિક ગાળા માટે દર માસ દીઠ પાંચ તૃતિયાંશ દિવસની રજા મળવાપાત્ર થાય. એ જ રીતે નિવૃત્તિ, રાજીનામું કે અવસાન વખતે છેલ્લા છ માસિક ગાળામાં પણ માસ દીઠ પાંચ તૃતિયાંશ દિવસની રજા ગણતરીમાં લેવાય.
    આ રીતે ગણતરી કરતા દિવસના ભાગને બદલે નજીકનો પૂર્ણ દિવસ ગણતરીમાં લેવો. એ જ રીતે માસના ભાગ માટે નજીકનો પૂર્ણ માસ એટલે કે પંદર દિવસથી વધુ સમય હોય તો પૂરો માસ ગણવો.

---

## <u>૪) બિન પગારી (કપાત પગારી) રજા.</u>

(૧) નિયામકશ્રી શાળાઓની કચેરીના પત્રાંક: COS/0069/12/2025/ તા.18-12-2025
(૨) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: ED/MIS/e file/3/2025/5680/G, તા.14 -11-2025
(3) નાણા વિભાગ ઠરાવક્રમાંક: FD/ZUD/e file/4/2023/3483/Z1,તા.06 -01-2024

---

1. સહાયકોની માંદગીની જમા થયેલી રજા ઉપરાંત કરારીય સમયગાળા દરમિયાન વધુમાં વધુ 90 થી 180 દિવસ સુધીની બિન પગારી (કપાત પગારી) રજા ભોગવી શકશે.
2. આવી જેટલા દિવસની રજા ભોગવી હોય એટલા દિવસનો કરારીય સમયગાળો લંબાવવાનો રહેશે.
3. 90 દિવસ સુધીની કપાત પગારની રજાઓ સંબંધિત ખાતાના વડા એટલે કે કમિશનર ઓફ સ્કુલ મંજૂર કરી શકશે.
4. 90 થી 180 દિવસ સુધીની કપાત પગારી રજાઓ સંબંધીત વહીવટી વિભાગના વડા (નાણા વિભાગ) મંજૂર કરી શકશે.
5. કરારીય સમયગાળા દરમિયાન 180 દિવસથી વધુ કપાત પગારી રજા મળવા પાત્ર થશે નહીં.
6. બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સહાયકોને બિન પગારી રજાઓ (કપાત પગારી રજાઓ) ની ઉપરોક્ત મર્યાદા નાણા વિભાગના ઠરાવ તારીખ: 06-01- 2024 થી લાગુ પડે છે.

---

## <u>૫) પ્રસુતિ રજા</u>.

(૧) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: ED/GRF/e file/3/2022/2269/G
letter no. Ed /0109/07/2025, તા.04 -07-2025 (ના.વિ.ઠ.તા. ૩૦-૦૪-૨૫ લાગુ પાડવા બાબત)
(૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી (પેન્શન શેલ) / તા. ૩૦/૦૪/૨૦૨૫ (સ્પષ્ટતા)
(3) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ/તા:૨૦-૧૦-૨૦૨૨
(ના.વિ.ઠ.તા.૨૪-૦૯-૨૨ લાગુ પાડવા બાબત)
(૪) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી (પેન્શન શેલ) / તા.૨૪/૦૯/૨૦૨૨ (સુધારો)

ક્રમશ..ચોથા પાને...

(૫) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: બમશ-૧૦૧૩-૧૭૪-ગ,તા:૨૧-૦૩-૨૦૧૭
( ગ્રાંન્ટેડ મહિલા સહાયકોને ૧૮૦ દિવસની રજાનો લાભ આપવા બાબત )
(૬) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ -૩/ ઝ -૧, તા.૨૮/૦૩/૨૦૧૬ મુજબ ફિક્સપગારના કર્મચારીઓની બોલીઓ અને શરતોના સુધારેલ પત્રક -૧ ની શરત નં. ૪(ડ) મુજબ

---

1. બે કે તેથી વધુ જીવિત બાળકો ધરાવતા ન હોય તેવા કાયમી, હંગામી અને ફિક્સ પગારના મહિલા કર્મચારીઓને આ રજા મળવા પાત્ર છે.
2. તારીખ: 1- 10 -2014 થી 180 દિવસની મર્યાદામાં નિયમો અનુસાર પ્રસુતિ રજા મળવા પાત્ર છે.
3. મહિલા કર્મી જે તારીખથી માત્રુત્વની રજા પર જાય તે તારીખથી 180 દિવસની માત્રુત્વ રજા મળવાપાત્ર થશે.
4. નોકરીમાં જોડાયા પહેલા બાળકને જન્મ આપેલ હોય તો 180 દિવસમાંથી બાળકના જન્મ તારીખથી નોકરીમાં જોડાયા તારીખના પહેલાની તારીખ સુધીના દિવસો બાદ કરતા બાકી રહેતા દિવસો જેટલી માતૃત્વની રજા મળવા પાત્ર થશે.
5. જેમાં ફરજ પર હાજર થયાનો દિવસ રજામાં ગણવાનો રહેશે નહીં.
6. આવી રજાઓ નોકરીમાં જોડાયા તારીખથી જ મળવા પાત્ર છે. (પહેલા એક વર્ષ અને બે વર્ષની નોકરી હોયતો જ આ રજા મળવાપાત્ર હતી)
7. આવી ભોગવેલી પ્રસૂતિ રજાઓ કરારિય સમયગાળામાં ઉમેર્યા સિવાય જ મહિલા સહાયકોને પુરા પગારમાં સમાવવામાં આવશે.
8. મહિલા કર્મી ને મળવાપાત્ર રજાનો પગાર તેને રજાપર જતા તરત પહેલા જે પગાર મળતો હોય તેની બરાબર રહેશે.
9. પ્રસુતિ અંગેની રજા ,રજા ખાતે ઉધારાશે નહિ. (આવી રજા ભોગવ્યા બદલ સેવા પોથીમા નોંધ પાડવી પણ સેવા પોથીના લિવ એકાઉન્ટ્મા આવી રજા લખવાની હોતી નથી.)
10. પ્રસુતિ અંગેની રજા કોઇપણ પ્રકારની રજાના અનુસંધાને મંજુર કરી શકાશે.
11. આવી રજા મંજુર કરવા માટેની અરજીને તબીબી પ્રમાણપત્ર દ્વારા સમર્થન મળવુ જોઇએ.

---

**<u>૬) પિતૃત્વ રજાઓ</u>.**

(૧) નાણા વિભાગ પરિપત્ર ક્રમાંક: રજઅ/૧૦૨૦૧૩/ઓ ૧૦/પી/ સચિવાલય તા.૨૫/૦૭/૨૦૧૮
(૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: ખરચ/૧૦૨૦૧૬/યુઓ ૭૮૬/ ઝ -૧/ સચિવાલય તા. ૧૨/૦૭/૨૦૧૬ થી નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ -૩/ ઝ -૧, તા.૨૮/૦૩/૨૦૧૬ ફિક્સપગારના કર્મચારીઓની બોલીઓ અને શરતોના સુધારેલ પત્રક -૧ ની શરત નં. ૪(ડ) મા ઉમેરો કર્યો.
(સીધી ભરતીથી નિમણૂક પામેલા ફિક્સ પગારના પુરુષ સહાયકોને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ના નિયમ 70 ની જોગવાઈ મુજબ પિતૃત્વની રજાનો લાભ મળવા પાત્ર છે.)

---

1. પુરુષ કર્મચારીને તેની પત્નીની પ્રસુતિના 15 દિવસ અગાઉથી શરૂ થઈને પ્રસુતિના છ માસ સુધીના સમયગાળામાં પિતૃત્વની રજા મળવા પાત્ર છે.
2. આવી પિતૃત્વની રજાનો લાભ કર્મચારીની નિમણૂક તારીખથી મળવા પાત્ર થશે.
3. પિતૃત્વની આ રજા 15 દિવસની મર્યાદામાં મળવાપાત્ર છે.
4. બે કરતા વધારે જીવિત બાળકો ન હોય તેવા પુરુષ કર્મચારીને આ રજા મળવા પાત્ર છે.
5. આવી રજા અન્ય પ્રકારની રજાઓ સાથે જોડી શકાશે.
6. પિત્રુત્વ રજા રજાના હિસાબમા ઉધારવામા આવશે નહી.(આવી રજા ભોગવ્યા બદલ સેવા પોથીમા નોંધ પાડવી પણ સેવા પોથીના લિવ એકાઉન્ટ્મા આવી રજા લખવાની હોતી નથી.)
7. રજાના અગાઉના ફરજના દિવસે લિધેલ પગારના દરે આ રજાનો પગાર ચુકવવામા આવશે.
8. સામાન્ય રીતે આ રજા કોઇ સંજોગામા નકારવામા આવશે નહિ.

---

ક્રમશ..પાંચમા પાને....

## સહાયકોને મળવાપાત્ર "માંદગીની રજા" અને "ખાસ રજા" ની સેવાપોથીમાં એન્ટ્રી કેવી રીતે કરવી તેના ઉદાહરણો:

(૧) બિનસરકારી અનુદાનિત માધ્ય/ઉચ્ચ માધ્યમિક શાળામાં જો કોઈ સહાયક (શિક્ષણ, વહીવટી કે સાથી) તા.01-7-2021 માં નિમણૂક થયા હોયતો **માંદગીની રજા** નીચે જણાવ્યા મુજબ જમા કરવી.

(સેવાપોથીના લીવ એકાઉન્ટના પત્રકની કોલમ નંબર મુજબ નંબર આપીને નીચેનુ કોષ્ટક આપેલ છે. જો કોઇ સહાયક અર્ધ પગારી કે રુપાંતરીત રજા ભોગવે તો કેવીરીતે ઉધારવી તેના ઉદાહરણ સાથે )

| ચઢેલી રજા જમા | | | | | અર્ધ પગારી રજા ઉધાર | | | રુપાંતરીત રજા ઉધાર | | | રુપાં.રજા | બાકીરજા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| થી | સુધી | માસ | ચઢેલી | જમા | થી | સુધી | દિવસો | થી | સુધી | દિવસો | કોર૨ની બમણી | (૧૬-૧૯ અથવા (૧૬-૨૬ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૬ | ૩૫ |
| ૧૨-૯-૨૩ | ૩૧-૧૨-૨૩ | ૪ | ૦૭ | ૦૭ | - | - | - | - | - | - | - | ૦૭ |
| ૦૧-૧-૨૪ | ૩૦-૬-૨૪ | ૬ | ૧૦ | ૧૭ | - | - | - | - | - | - | - | ૧૭ |
| ૦૧-૭-૨૪ | ૩૧-૧૨-૨૪ | ૬ | ૧૦ | ૨૭ | ૦૩-૧૨-૨૪ | ૦૯-૧૨-૨૪ | ૦૭ | - | - | - | - | ૨૦ |
| ૦૧-૧-૨૫ | ૩૦-૬-૨૫ | ૬ | ૧૦ | ૩૦ | - | - | - | - | - | - | - | ૩૦ |
| ૦૧-૭-૨૫ | ૩૧-૧૨-૨૫ | ૬ | ૧૦ | ૪૦ | - | - | - | ૦૫-૭-૨૫ | ૦૯-૭-૨૫ | ૦૫ | ૧૦ | ૩૦ |
| ૦૧-૧-૨૬ | ૩૦-૬-૨૬ | ૬ | ૧૦ | ૪૦ | - | - | - | - | - | - | - | ૪૦ |
| ૦૧-૭-૨૬ | ૩૧-૧૨-૨૬ | ૬ | ૧૦ | ૫૦ | - | - | - | - | - | - | - | ૫૦ |

આજ રીતે આગળ ....

**નોંધ: (1) તા.૧૨/૯/૨૦૨૩ પહેલા આવી રજા મળવા પાત્ર નથી.**

(2) નવી નિમણૂક વખતે પ્રથમ છ માસિક ગાળા માટે દર માસ દીઠ પાંચ તૃતિયાંશ દિવસની રજા મળવાપાત્ર થાય. એ જ રીતે નિવૃત્તિ, રાજીનામું કે અવસાન વખતે છેલ્લા છ માસિક ગાળામાં પણ માસ દીઠ પાંચ તૃતિયાંશ દિવસની રજા ગણતરીમાં લેવાય.

આ રીતે ગણતરી કરતા દિવસના ભાગને બદલે નજીકનો પૂર્ણ દિવસ ગણતરીમાં લેવો. એ જ રીતે માસના ભાગ માટે નજીકનો પૂર્ણ માસ એટલે કે પંદર દિવસથી વધુ સમય હોય તો પૂરો માસ ગણવો.

---

(૨) બિનસરકારી અનુદાનિત માધ્ય/ઉચ્ચ માધ્યમિક શાળામાં જો કોઈ સહાયક (વહીવટી કે સાથી) તા.01 -7-2025 માં નિમણૂક થયા હોય તો... "**ખાસ રજા**" નીચે જણાવ્યા મુજબ ફક્ત પાંચ વર્ષ માટે જ જમા કરવી આવી રજા નિયમિત નિમણૂક વખતે રદ ગણાશે. વેકેશનલ કર્મકારી એવા શિક્ષણ સહાયકોને આ રજા મળવાપાત્ર નથી. વહિવટી કે સાથી સહાયકો ને જ આવી રજા મળવાપાત્ર છે.

૧/૧/૨૫ થી ૩૧/૧૨/૨૫ - ૬ માસ - ખાસ રજા = ૦૮ (નિમણુક તા: ૦૧-૦૭-૨૫ હોય તો)

૧/૧/૨૬ થી ૩૧/૧૨/૨૬ - ૧ વર્ષ - ૦૮+૧૫ = ૨૩

૧/૧/૨૭ થી ૩૧/૧૨/૨૭ - ૧ વર્ષ - ૨૩ +૧૫ = ૩૦

(હાલમા જે સહાયકો છે તેને આરીતે લાગુપડે, નિયમિત નિમણુકબાદ આવી રજા મળવાપાત્ર નથી)

- આવી રજા પહેલી જાન્યુઆરીથી આપવાની છે (શરતોના પત્રક -૧મા આવી સ્પષ્ટતા કરેલી છે.)
- વર્ષ દરમિયાન ભોગવેલી આવી રજા બાદ કર્યા પછી મહતમ સિલક ૩૦ દિવસ રહેશે.
- પાંચ વર્ષ બાદ જમા આવી રજા આપોઆપ લેપ્સ ગણાશે, કેરી ફોર્વર્ડ કરવાની નથી.

ક્રમશ..છઠ્ઠા પાને....

## રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા નિમણુક પામેલા ૧૧ માસના કરાર આધારીત જ્ઞાન સહાયકો ને મળવાપાત્ર રજાઓ.

વંચાણે લીધેલા સંદર્ભપત્રો:

૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦/૨૦૧૭/૫૭૬૯૮૮/ખ-૩/તા.૧૧ -૧૦ -૨૦૧૭
(૧૧ માસના કરાર આધારીત નિમણુકપામેલા કર્મચારીઓને લાભો મંજુર કરવા બાબત )

૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ (પા.ફા) તા: ૧૦-૦૭-૨૦૨૩
( માધ્યમિક અને ઉચ્ચતર માધ્ય.શાળાઓમા જ્ઞાન સહાયક યોજના શરુ કરવા બાબત )

૩) નિયામકશ્રી શાળાઓની કચેરીના પત્રાંક: COS/0072/01/2024/ તા.06-01-2024
( COS/SEC/e-file/276/2023/2348/SECONDARY ) ( શાળાઓમા અમલ કરવા બાબત)

---

નોંધ: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામા નિમણૂક પામેલા જ્ઞાન સહાયકો માટે રજા બાબતે નિયામકશ્રી શાળાઓની કચેરીના ઉપરોક્ત ક્રમ ન.૦૩ વાળા પરિપત્રથી રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સા.વ.વિભાગના ઉપરોક્ત તા. ૧૧-૧૦-૨૦૧૭ ના ઠરાવનો અમલ કરવા જણાવાયું છે.

---

### ૧) પરચુરણ રજા:

1. કરારીય સમયગાળા દરમિયાન 11 (અગીયાર) પરચુરણરજા મળવાપાત્ર છે.
2. જ્ઞાનસહાયકોને આકસ્મિક સંજોગોમાં પરચુરણ રજાના નિયમ મુજબ જ આવી રજા આપી શકાય.
3. આવી રજા શાળાના આચાર્ય મંજૂર કરી શકે છે.
4. વધેલી આવી રજા વર્ષના અંતે કેરી ફોર્વર્ડ થઈ શકે નહીં.

### ૨) ખાસ રજા:

1. કરારીય સમયગાળા દરમિયાન 11 (અગીયાર) દિવસની "ખાસ રજા" મળવા પાત્ર છે.
2. આવી રજાઓ આગામી વર્ષમા કેરી ફોરવર્ડ કરી શકાશે નહિ.
3. આકસ્મિક સંજોગોમાં કોઈપણ હેતુ માટે આ રજા વાપરી શકાશે.
4. રજાના સમયગાળા દરમિયાન નિયમોનુસાર પગાર મળવાપાત્ર થશે.
5. આ રજા મંજુર કરવા માટે સબંધિત કચેરીના વડા સક્ષમ સતા ગણાશે.

### ૩) પ્રસુતિ રજા.

1. ૧૧ માસના કરાર આધારીત ફરજ બજાવતા મહિલા કર્મચારીઓને એક વર્ષ બાદના કરારના સમયગાળા પછી મહતમ ૯૦ (નેવુ) દિવસની માત્રુત્વ રજાઓ ( મેટરનીટી લીવ ) મળવાપાત્ર થશે.
2. આવી રજાઓ બે બાળકો પુરતી મર્યાદિત રહેશે.
3. આ રજાઓ દરમિયાન નિયમોનુસાર પગાર મળવાપાત્ર થશે.
4. એક વર્ષ ના સમયગાળાની સેવા પહેલા મેળવવામા આવેલ માત્રુત્વની રજાઓ બિનપગારી ગણવાની રહેશે.
5. આ રજા મંજુર કરવા માટે સબંધિત કચેરીના વડા સક્ષમ સતા ગણાશે.

---

## નમ્ર નિવેદન:

ઉપરોક્ત યાદી મુજબના તમામ સંલગ્ન ઠરાવો અને પરિપત્રોનો ઝીણવટ ભર્યો તુલનાત્મક અભ્યાસ કર્યા પછી ચોકસાઈપૂર્વક આ માર્ગદર્શન તૈયાર કરવામાં આવ્યું છે. કાયદાકીય આધાર તરીકે અસલ ઠરાવ વંચાણે લઈ નિર્ણય લેવો. ઉપરોક્ત સંદર્ભ વાળા અસલ ઠરાવો જોવા માટે શ્રી જે.એમ. માંગરોલિયા (શિક્ષણવિદ-રક્ષાશક્તિ સ્કુલ,ગાંધીનગર ) સાહેબની વેબસાઈટ

www.educationgujarat.com પરથી આપને ઠરાવો મળી જશે.

માર્ગદર્શક – આર.પી. મેરજા (મો. 8128121500), સ્થળ: મોરબી, તારીખ: 22-02–2026.

*************************************************************************